# લાઈકન પ્લેનસ (Lichen Planus)ની હોમીયોપેથીક સારવાર

લાઈકન પ્લેનસ રોગમાં ચામડી તથા મોંની અંદરનાં ભાગમાં સોજો આવે છે.

ચામડી ઉપર જામેલી અથવા કથ્થે રંગના ઘબ્બા પડે છે જેમાં ઘણીવાર ખંજવાળ આવે. મોંની અંદર - જીભ ઉપર, ગાલમાં, પેઢામાં સોજો આવે, એ ભાગ લાલ થઈ જાય, અને સફેદ લાઈનવાળો મોટો ડાઘ(Patch) બની જાય, ચાંદા પડે.

લાઈકન પ્લેનસ ઓટોઈમ્યુન (auto immune) રોગ છે. જેમાં આપણી રોગપ્રતિકારક શક્તિ આપણા જ શરીરના તંદુરસ્ત ભાગોને અસર કરે છે અને તકલીફ આપે છે. આ રોગ ચેપી નથી.

લક્ષણો :- ચામડી ઉપર જાંબલી રંગના ઘબ્બા દેખાય, ખંજવાળ આવે, જાંબલી રંગવાળો ભાગ બીજી ચામડીથી ઉપસેલો નથી હોતો, કોઈકવાર blistor પડે; મોંમા- સફેદ લાઈનવાળો patch - ગાલમાં, જીભ ઉપર અથવા પેઢામાં જોવા મળે, મોંમા ચાંદા પડે જે બહુ દુખાવો કરે; મોંમા બળતરા થાય, ગરમવસ્તુ તીખી વસ્તુ બિલકુલ ખાઈ નહીં શકાય, બહેનોને વજાઈના (vagina)માં પણ ચાંદા પડી, બળતરા થાય, શારીરિક સંબંધ બાંધતી વખતે ખૂબ દુઃખે તથા બળતારા થાય, વાળ ઉતરે, માથાની ચામડી પર પણ ડાઘા પડે; નખ ખરબચડા થઈ જાય. એવું જોવા મળ્યું છે કે લાઈકન પ્લેનસને કારણે ચામડીનું કેન્સર (skin cancer) થવાનું જોખમ વધી જાય છે.

સ્ત્રીઓમાં vulva, vaginaમાં થયેલ લાઈકન પ્લેનસને સારૂં કરવાનું પણ અઘરૂં હોય છે.

કારણ - લાઈકન પ્લેનસ થવાનું ખરૂં કારણ તબીબ શાસ્ત્ર જાણી નથી શક્યું, પણ એવું જોવામાં આવ્યું છે કે અમુક પરિસ્થિતિ અથવા રોગો આ રોગને થવામાં મહત્વનો ભાગ ભજવી શકે છે, દા.ત. માનસિક ચિંતા/તાણ (mental stress, tension), હીપેટાઈટીસ સી (hepatitis C)નું infection; હીપેટાઈટીસ બી વેક્સીન (hepatitis B vaccine); ફ્લુ વેક્સીન (flu vaccine); અમુક પ્રકારના રંગ (pigment), chemical અથવા metals; advil, motrin, ibuprofen, aaproxene, aleve વગેરે પ્રકારની દુખાવા અને સોજા માટેની દવાઓ; હૃદયરોગ (heart diseasc), high blood pressure (BP), આર્થરાઈટીસ (arthritis) માટે લેવાતી દવાઓ; વગેરે.



નિદાન :- લાઈકન પ્લેનસના નિદાન માટે જે ભાગ ઉપર અસર હોય એ ભાગની બાયોપ્સી (biopsy) કરવામાં આવે છે જેનાથી સચોટ નિદાન થઈ શકે. બીજી તપાસમાં - હીપેટાઈટીસ સી (hepatitis C) ટેસ્ટ; એલર્જી ટેસ્ટ (allergy test).

સારવાર :- ચામડીનું લાઈકન પ્લેનસ ઘણા વર્ષો સુધી રહી શકે છે અને કોઈક વાર એની મેળે પણ સારૂં થઈ શકે છે. મોંમા, vulva / vaginaમાં થયેલ લાઈકન પ્લેનસને મટાડવાનું ઘણું અઘરૂં હોય છે અને ઘણીવાર પાછું થઈ શકે છે.

એલોપેથીક સારવારમાં ખંજવાળ અને દુખાવા માટે મુખ્ય દવાઓ અપાય છે. દા.ત., કોર્ટીકોસ્ટીરોઈડ (corticosteroid) જે રોગ પ્રતિકારક શક્તિને દબાવે છે જેથી લાલાશ અને દુખાવો ઓછો થાય, પણ એની આડ અસર ઘણી હોય છે અને લાંબો સમય લઈ નથી શકાતી તથા એ લેવાની બંધ કરવાથી તકલીફ પાછી આવે છે; રેટીનોઈડસ (retinoids - synthetic vitamin A) ચામડી પર લગાવવા માટે; ono steroid creams, anitihis tamints, phototorapy.

હોમીયોપેથીક સારવાર કરવાથી વ્યક્તિની રોગ પ્રતિકારક શક્તિ (immune system) તંદુરસ્ત અને સશક્ત બને છે એટલે એવા કોઈ પણ રોગ જેમાં રોગપ્રતિકારક શક્તિ પ્રભાવિત થઈ હોય અથવા અસરમાં આવી હોય. દા.ત. એલર્જી (allergy), ઓટો ઈમ્યુન ડીસીઝ (auto immune diseaze) વગેરે અને હોમીયોપેથીક દવા સારા કરી શકે છે.

લાઈકન પ્લેનસમાં પણ રોગ પ્રતિકારક શક્તિની ખામીને લીધે થાય છે એટલે હોમીયોપેથીક દવા સારી અસર આપે છે. હોમીયોપેથીમાં શરૂઆતમાં દર્દીની સંપૂર્ણ વિગત લેવાય છે જેને Case history કહે છે. એમાં દર્દીની હાલની તકલીફની વિસ્તૃત માહિતી, ભૂતકાળની બધી માંદગીઓ, વારસાગત રોગો, દર્દીની માનસિક (mental, emotional, psydehogical) ચિંતા, tension વગેરેની નોંધ લેવાય છે. ત્યાર પછી આ બધી માહિતીનો અભ્યાસ કરીને હોમીયોપેથીક દવા અપાય છે. આ દવા રોગીને તંદુરસ્ત કરે છે અને તેથી રોગ જડમૂળથી મટે છે. જ્યારે દવા ફક્ત રોગોને ધ્યાનમાં રાખી અપાય છે ત્યારે રોગ જડમૂળથી નથી મટતો પણ થોડો સમય પૂરતો અસર બતાવતો બંધ થઈ જાય છે. અથવા શરીરમાં દબાઈ (suppress) જાય છે. અને મોકો મળતા બમણા જોરથી પાછો આવે છે. એટલે જ હોમીયોપથીમાં રોગી પ્રત્યે પ્રથમ ધ્યાન અપાય છે અને પછી રોગ પ્રતિ.

મારી પાસે લાઈકન પ્લેનસના બધા પ્રકારના દર્દીઓ છે - શરીર પરના લક્ષણવાળા, મોં માં અસર બતાવતા અને vulral vagina ના લક્ષણોવાળા. આ રોગ ઉપર જણાવ્યા પ્રમાણે થોડો સમય માંગી લે એવો છે. સારા થવામાં, એટલે દર્દીઓને વિનંતી કે ધીરજ રાખવી અને સતત દવા કરવી જેથી આ રોગથી છૂટકારો મળી શકે.

જાતે કરવા જેવું : મોં માં બરફ ચુસવો અથવા ઠંડા પાણીના કોગળા કરવા; ખોરાક તાજો અને તંદુરસ્ત ખાવો; ફળ અને પાંદડાવાળા શાકનો ઉપયોગ વધુ કરવો; મસાલાવાળી વસ્તુઓ બંધ કરવી ખાવામાં; પાણી પીવાનું વધારે રાખો; મગજને ચિંતા/tension થી મુક્ત કરવાના પ્રયાસ કરવા.

યાદ રહે લાઈકન પ્લેનસ રોગની જાણ થાય અથવા મોં માં દુખાવો, બળતરા, ચાંદા પડે, ગરમ/તીખું ખાવાથી તકલીફ થાય તો સારવાર જલદી શરૂ કરવી જરૂરી છે.

લાઈકન પ્લેનસ સિવાય જેમને વારંવાર મોં માં ચાંદા પડતા હોય, પેઢાની કોઈ તકલીફ હોય (દા.ત. પાયોરીયા, વગેરે) અથવા ચામડીનો કોઈ પણ વ્યાધી હોય (દા.ત. સોરીયાસીસ, કોઢ, ખસ-ખરજવું વગેરે) તો અમારો સંપર્ક જરૂર કરશો.



Homoeopathic Practitioners
**Akshay Banker**
M.D.[Homeopathy]
**Faculty -** Ontario College of Homeopathic Medicine
Ex Principal, Professor [India]
**Nina Banker** MD (Homeopathy)
Ex Professor [Surat, India]
**Mobile #:** 647 868 4340
**Mobile #:** 647 773 3074
Email : homeopathakshay@gmail.com
**Mississauga Clinic:** 93, Dundas St. E. Suite # 107, Mississauga, ON. L5A 1W7. [Hurontario + Dundas] [Monday, Thursday, Friday - 10 to 5]
**Brampton Clinic:** 134 Queen St. E., Brampton, ON. L6V 1B2. [Queen and Centre Street] [Tuesday, Saturday 10 to 5]
**Scarborough Clinic:** 2761, Markham road, Aum Beauty Clinic, ON. M1X 1M4 [Markham road + Nashdene] [Wednesday 4 pm to 7 pm]

# સારા અલીની પ્રથમ ફિલ્મ આવતા પહેલા જ કોર્ટ કેસ થતાં મુશ્કેલી વધી

બોલીવુડમાં ડેબ્યૂ કરતા પહેલાં જ સારા અલી ખાન વિવાદમાં ફસાઈ છે. તારીખના વિવાદને પગલે ફિલ્મપ્રોડ્યૂસર બોલીવુડ એક્ટર સૈફ અલી ખાન અને અમૃતા સિંહની દીકરી સારા સુલતાનને કોર્ટમાં ઢસેડી. જસ્ટિસ એસ.જે. કાઠવાલાની ખંડપીઠ પાસે પ્રોડ્યૂસર ના સલાહકાર શરન જગતિયાનીએ તાકિદની માગણી કરી. કોર્ટ આ મામલે સુનાવણી હાથ ધરશે. પ્રોડ્યૂસર સારા અલી ખાનના એજન્ટ અને તેની ટેલેન્ટ મેનેજમેન્ટ કંપની પર પણ દાવો કર્યો છે કે તેઓ અન્ય ફિલ્મ સિંબામાં કામ કરવા બાબતે સારા પર નિયંત્રણ રાખી રહ્યા છે, તેમણે દાવો કર્યો



કે સારા પહેલેથી જ પોતાની ડેબ્યૂ ફિલ્મ કેદારનાથની તારીખો માટે પ્રતિબંધ છે, તેમ છતાં સારાએ અન્ય ફિલ્મ માટે તારીખ આપી દીધી હતી. ફરિયાદી ઈચ્છે છે કે હાઈકોર્ટ આદેશ આપે કે સારા સુલતાને આપેલી તારીખ મુજબ પહેલાં ફિલ્મ કેદારનાથનું કામ પૂરું કરી લે અને નુકસાનીના ૫ કરોડ વળતર પણ ચૂકવે. હવે કોર્ટમાં એ પ્રશ્ન ઉઠાવ્યો છે કે કોઈ ફિલ્મ માટે આપેલી તારીખ બદલીને એક્ટર અન્ય ફિલ્મમાટે તે તારીખ ફાળવી શકે કે કેમ પોતાની ફરિયાદમાં પ્રોડ્યુસરે કહ્યું કે ૨૦૧૭માં તેમણે ફિલ્મ કેદારનાથનું પ્રોડક્શન શરુ કર્યું, ડાયરેક્ટર અભિષેક કપૂર દ્વારા ફિલ્મ ડાયરેક્ટ કરવામાં આવી રહી છે અને સુશાંત સિંહ રાજપૂતને આ ફિલ્મમાં લીડ હીરો તરીકે સાઈન કરવામાં આવ્યો છે. સારાએ આ ફિલ્મની લીડ હિરોઈન તરીકે એગ્રીમેન્ટ સાઈન કર્યો હતો. અરજીમાં કહેવામા આવ્યું કે ફિલ્મના શૂટિંગ માટે સમય ફાળવવા સારા બંધાયેલી હતી, જ્યારે મે મહિનામાં તેને જાણ કરવામાં આવી કે જુલાઈ ૫ સુધી શૂટિંગ શરુ રહેશે ત્યારે સારાના એજન્ટે કહ્યું કે અન્ય ફિલ્મનું શૂટ કરવાનું હોવાથી જૂન મહિનામાં સારા ઉપલબ્ધ નહી હોય. કાયદેસર રીતે આ એગ્રીમેન્ટનો ભંગ છે.